eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 111
July 20, 2007

## જળ વિતરણ મથકો ખાતે કલોરીન ગેસની ગંભીરતા અને તેના સલામત ઉપયોગ બાબતે સંપૂર્ણ જાણકારી અંગે (રોડ મેપ)નું ઉદ્‌ઘાટન




તારીખ–૧૩/૦૭/૦૭ ના રોજ યોજવામાં આવેલ વર્કશોપમાં ***"Yester day has gone, Tomorrow may never come, Today is the day to prevent accident"*** ના ધ્યેયને ધ્યાને રાખી વોટર વર્કસ અને જળ વિતરણ મથકો ખાતે કલોરીન ગેસની ગંભીરતા અને તેના સલામત ઉપયોગ બાબતે સંપૂર્ણ જાણકારી આપવાના હેતુથી જુલાઈ– ૨૦૦૭ થી માર્ચ–૨૦૦૮ દરમ્યાન વિવિધ સેફટી સંલગ્ન કામગીરીઓ કરી કર્મચારીઓની સલામતી બાબતે અગ્રેસર થઈ કાર્યક્ષેત્રનું સમગ્ર વાતાવરણ સલામત બને જેથી, અકસ્માત લગભગ નિવારી શકાય તે મુજબનું સલામત વાતાવરણ તૈયાર કરવાના શુભ હેતુથી તૈયાર કરવામાં આવેલ પથદર્શિકા (રોડ મેપ)નું ઉદ્‌ઘાટન આજ રોજ મ્યુ.કમિશ્નર શ્રી એસ.અપર્ણાના અધ્યક્ષ સ્થાને સુરત મહાનગર સેવાસદનના નવા સ્થાયી સમિતિ ખંડમાં કરવામાં આવેલ.

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સેન્ટ્રલ ઝોન ની આરોગ્યલક્ષી કામગીરી

સુરત મહાનગર સેવાસદનના સેન્ટ્રલ ઝોન તથા ફુડ વિભાગ દ્વારા સંયુકત રીતે કતારગામ દરવાજા તથા ચૌટાબજાર વિસ્તારમાં આવેલ હોટલ, લારી–ગલ્લાનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતુ.જે દરમ્યાન વિવિધ સંસ્થાઓમાં ખામીઓ જણાતાં , ૨૦ સંસ્થાના માલિકોને નોટીસો આપવામાં આવી હતી. તેમજ રૂા.૭,૧૦૦/– (રૂપિયા સાત હજાર એકસો પૂરા) વહીવટી ખર્ચ પેટે વસુલ લેવામાં આવ્યા હતા.

**વધુ માટે કલીક કરો >>>>>>**

## "નિર્મળ ગુજરાત, નિર્મળ સુરત" કાર્યક્રમ અંતર્ગત સાઉથ ઝોન (ઉધના)ની કામગીરી



"નિર્મળ ગુજરાત, નિર્મળ સુરત" કાર્યક્રમ અંતર્ગત સાઉથ ઝોન (ઉધના) ખાતે ટી.પી.સ્કીમ નં. ૧(ઉધના) વિસ્તારમાં, ફા.પ્લોટ નં.–૧૨૭, ખટોદરા હેલ્થ સેન્ટર ખાતે તેમજ ફા.પ્લોટ નં. ૯, મહાલક્ષ્મીનગર ખાતે રૂા.૮.૨૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ બે પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકનું લોકાર્પણ શ્રી મૂળજીભાઈ એમ.ઠક્કર,માન. અધ્યક્ષશ્રી સ્લમ ઈમ્પ્રુવમેન્ટ કમિટિ તેમજ શ્રી શૈલેષભાઈ એસ. જરીવાળા, માન. સભ્યશ્રી સ્થાયી સમિતિ, શ્રી રમેશભાઈ જોરાભાઈ પટેલ, માન. અધ્યક્ષશ્રી પાણી સમિતિ તેમજ શ્રી મહેશસિંગ, ડે.મ્યુ. કમિશ્નરશ્રી (જન) તથા શ્રી જે.એમ. આઝાદ કાર્યપાલક ઈજનેર, સાઉથ ઝોન તેમજ સ્થાનિક રહીશોની ઉપસ્થિતિમાં તા.૧૮/૦૭/૦૭ ના રોજ કરવામાં આવેલ છે.

**વધુ માટે કલીક કરો >>>>>>**

# જળ વિતરણ મથકો ખાતે કલોરીન ગેસની ગંભીરતા અને તેના સલામત ઉપયોગ બાબતે સંપૂર્ણ જાણકારી અંગે (રોડ મેપ)નું ઉદ્‌ઘાટન

તારીખ–૧૩/૦૭/૦૭ ના રોજ યોજવામાં આવેલ વર્કશોપમાં "Yester day has gone, Tomorrow may never come, Today is the day to prevent accident" ના ધ્યેયને ધ્યાને રાખી વોટર વર્કસ અને જળ વિતરણ મથકો ખાતે કલોરીન ગેસની ગંભીરતા અને તેના સલામત ઉપયોગ બાબતે સંપૂર્ણ જાણકારી આપવાના હેતુથી જુલાઈ– ૨૦૦૭ થી માર્ચ–૨૦૦૮ દરમ્યાન વિવિધ સેફટી સંલગ્ન કામગીરીઓ કરી કર્મચારીઓની સલામતી બાબતે અગ્રેસર થઈ કાર્યક્ષેત્રનું સમગ્ર વાતાવરણ સલામત બને જેથી, અકસ્માત લગભગ નિવારી શકાય તે મુજબનું સલામત વાતાવરણ તૈયાર કરવાના શુભ હેતુથી તૈયાર કરવામાં આવેલ પથદર્શિકા (રોડ મેપ)નું ઉદ્‌ઘાટન આજ રોજ મ્યુ.કમિશ્નર શ્રી એસ.અપર્ણાના અધ્યક્ષ સ્થાને સુરત મહાનગર સેવાસદનના નવા સ્થાયી સમિતિ ખંડમાં કરવામાં આવેલ.




સુરત મહાનગર સેવાસદન દ્વારા નાગરિકોની સુવિધાનાં અનેક વિવિધ ક્ષેત્રોમાં સલામતી અને સુરક્ષાનાં વર્તમાન મુલ્યોની મુલ્યાંકન, હાલની કાર્ય પધ્ધતિ જે તે ક્ષેત્રે સુધારણામાં રહેલ અવકાશ અને તબક્કાવાર આ અવકાશો દૂર કરવાનાં ધ્યેય સાથે સેવાનાં વિવિધ ક્ષેત્રે સંકળાયેલા જુદા જુદા નિષ્ણાંતો/પ્રતિનિધીઓની હાજરી અને માર્ગદર્શન હેઠળ આજરોજ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. હાઈડ્રોલીક વિભાગ, ફાયર વિભાગ, ડ્રેનેજ વિભાગ, સ્વિમિંગ પૂલ, સ્ટ્રીટલાઈટ વિભાગ તથા જે તે ઝોનનાં લાઈટ વિભાગ સાથે સંકળાયેલા ૧૦૦ ઉપરાંતની સંખ્યામાં જુદી જુદી કક્ષાનાં અધિકારી/કર્મચારીઓએ આ પ્રોગ્રામમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આયોજીત કરવામાં આવેલ કાર્ય શિબિર (વર્કશોપ) માં શ્રી એચ.કે.સેહગલ, જનરલ મેનેજર, ગુજરાત આલ્કીઝ એન્ડ કેમિકલ્સ લિ.,વડોદરા, એ ઉપસ્થિત રહી કલોરીન ગેસની સલામતી શા માટે જરૂરી તે અંગે જાણકારી આપેલ. ગુજરાત રાજય સરકારનાં ફેકટરી ઈન્સ્પેકટરશ્રી.એચ.એસ.દવેએ સેવા સદનમાં જે–તે ક્ષેત્રે વધુ સારી સુરક્ષા ઉપલબ્ધ બનાવવા બાબતે સેફટી વિભાગ શરૂ કરવા સુચન કરેલ. શ્રી મનોજ કોટડીયા, મેનેજર, ડીઝાસ્ટર પ્રિવેન્સન એન્ડ મેનેજમેન્ટ સેન્ટર, અંકલેશ્વરે ઈલેકટ્રીકલ કામગીરી માટે સલામતી અને ઉંચાઈ પર રહી કરવામાં આવતી કામગીરી બાબતે રાખવા પાત્ર સલામતી અંગે વિશિષ્ટ જાણકારી આપેલ છે. ગુજરાત ગેસ કુ. સુરત તરફથી શ્રી ધર્મેશ દેસાઈએ નેચરલ ગેસની સલામતી અંગે તેઓની કંપની દ્વારા જે પ્રકારે કાળજી રાખવામાં આવે તેની જાણકારી આપેલ છે. આ પ્રસંગે ઓ.એન.જી.સી.સુરત તરફથી શ્રી એ.કે. મલહોત્રા પણ હાજર રહ્યા હતા.

સુરત મહાનગર સેવા સદનનાં કલોરીનેશન પ્લાન્ટ સાથે સંકળાયેલા મે.કલોરોટેક એન્જી.કુ, સુરત તરફથી હાજર રહેલ અત્રેના ઈજનેરોનાં સંકલનમાં રહીને તૈયાર કરેલ કલોરીન સેફટી રોડ મેપ અંગે વિશિષ્ટ જાણકારી આપવામાં આવેલ હતી અને આશા વ્યકત કરવામાં આવી હતી કે આવા ટ્રેનીંગ પ્રોગ્રામનાં ફળ સ્વરૂપે હાલની સુરક્ષાને લગતી કામગીરી વધુ સંકલિત અને અસરકારક બનશે જે સરવાળે કર્મચારીઓ અને નાગરિકોનાં લાભાન્વિત કરશે.

TOP

## સેન્ટ્રલ ઝોન ની આરોગ્યલક્ષી કામગીરી

સુરત મહાનગર સેવાસદનના સેન્ટ્રલ ઝોન તથા ફુડ વિભાગ દ્વારા સંયુકત રીતે કતારગામ દરવાજા તથા ચૌટાબજાર વિસ્તારમાં આવેલ હોટલ, લારી–ગલ્લાનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતુ.જે દરમ્યાન વિવિધ સંસ્થાઓમાં ખામીઓ જણાતાં , ૨૦ સંસ્થાના માલિકોને નોટીસો આપવામાં આવી હતી. તેમજ રૂા.૭,૧૦૦/– (રૂપિયા સાત હજાર એકસો પૂરા) વહીવટી ખર્ચ પેટે વસુલ લેવામાં આવ્યા હતા. ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) ની સુચનાથી, સેન્ટ્રલ ઝોનના આસી. આરોગ્ય અધિકારીશ્રી ડો.પ્રદિપ ઉમરીગરના માર્ગદર્શન હેઠળ, મુખ્ય આરોગ્ય નિરિક્ષક શ્રી એચ.એમ.મંડલી, આરોગ્ય નિરીક્ષક શ્રીએમ.એ.શેખ, શ્રીડી.કે.શીંદે, મ.આ.નિ. શ્રીવિપુલ જોષી તેમજ ફુડ ઈન્સ્પેકટરો શ્રી બ્રહ્મભટ્ટ, શ્રી રાજપૂત, શ્રી રાણા તથા શ્રી ગોહિલે કામગીરી કરી હતી.

TOP

# "નિર્મળ ગુજરાત, નિર્મળ સુરત" કાર્યક્રમ અંતર્ગત સાઉથ ઝોન (ઉધના)ની કામગીરી



"નિર્મળ ગુજરાત, નિર્મળ સુરત" કાર્યક્રમ અંતર્ગત સાઉથ ઝોન (ઉધના) ખાતે ટી.પી.સ્કીમ નં. ૧(ઉધના) વિસ્તારમાં, ફા.પ્લોટ નં.–૧૨૭, ખટોદરા હેલ્થ સેન્ટર ખાતે તેમજ ફા.પ્લોટ નં. ૯, મહાલક્ષ્મીનગર ખાતે રૂા.૮.૨૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ બે પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકનું લોકાર્પણ શ્રી મૂળજીભાઈ એમ.ઠક્કર,માન. અધ્યક્ષશ્રી સ્લમ ઈમ્પ્રુવમેન્ટ કમિટિ તેમજ શ્રી શૈલેષભાઈ એસ. જરીવાળા, માન. સભ્યશ્રી સ્થાયી સમિતિ, શ્રી રમેશભાઈ જોરાભાઈ પટેલ, માન. અધ્યક્ષશ્રી પાણી સમિતિ તેમજ શ્રી મહેશસિંગ, ડે.મ્યુ. કમિશ્નરશ્રી (જન) તથા શ્રી જે.એમ. આઝાદ કાર્યપાલક ઈજનેર, સાઉથ ઝોન તેમજ સ્થાનિક રહીશોની ઉપસ્થિતિમાં તા.૧૮/૦૭/૦૭ ના રોજ કરવામાં આવેલ છે. આ ટોયલેટ બ્લોકના કારણે આસપાસની ઈન્ડસ્ટ્રીઝના કામદારો તેમજ રાહદારીઓને શૌચાલય તેમજ સ્નાનાગારની સુવિધા ઉપલબ્ધ થશે.

TOP